# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation


રેફ નં.

તંત્રી શ્રી, ______________________

તા: ૦૩/૧૨/૨૦૧૫
સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## વિરડીયા પરીવારે બ્રેનડેડ કાળુભાઈના અંગોનું દાન કરી ચાર વ્યક્તિઓને આપ્યું નવું જીવન અને નવી રોશની

નામ: કાળુભાઈ ઓધાભાઈ વિરડીયા ઉ. વ. ૫૮ બ્લડ ગ્રુપ: B+ (વ્યવસાય : નિવૃત જીવન )

રહેવાસી : બંગલા નં. ૧૩૦૫, ગાયત્રી સોસાયટી, જી.આઈ.ડી.સી, અંકલેશ્વર

મૂળ રહેવાસી : ગામ: પરવાળા , તાલુકો: ઉમરાળા, જીલ્લો: ભાવનગર

કૌટુંબિક વિગત : પત્નિ : કંચનબેન કાળુભાઈ વિરડીયા ઉ. વ. ૫૩

પુત્રો : ૧. સંજય કાળુભાઈ વિરડીયા ઉ.વ ૩૬

૨. પ્રદીપ કાળુભાઈ વિરડીયા ઉ.વ ૩૪

બન્ને પુત્રો અંકલેશ્વરમાં કેમીકલ ના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

પુત્રી : ૧. મમતા નિલેશકુમાર વઘાસીયા ઉ.વ ૩૨

<u>બનાવની વિગત:</u>

અંકલેશ્વર મુકામે રહેતા કાળુભાઈ ભાવનગર જીલ્લાના, ગામ પરવાળા ખાતે એક સામાજીક પ્રસંગમાં હાજરી આપવા માટે તેમના પરિવાર સાથે ગયા હતા. ત્યાં તેમને માથામાં દુખાવા ની ફરીયાદ કરી હતી. ત્યારબાદ વોમીટીંગ પણ થતા તેઓના પરિવારે સુરત રહેતા તેમના ભત્રીજા ડૉ. ઘનશ્યામ કે. પટેલને ફોન કરી, કાળુભાઈની તબિયત અંગે માહિતગાર કર્યા હતા. ડૉ. ઘનશ્યામભાઈ એ તેઓને તાત્કાલીક સુરત બોલાવી, આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં ગુરૂવાર તા: ૨૬.૧૧.૨૦૧૫ ના રોજ તેમની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરી. ત્યારબાદ સીટીસ્કેન કરાવતાં તેમાં બ્રેઈન હેમરેજ થયું હોવાનું નિદાન થયું. મંગળવાર તા: ૧.૧૨.૨૦૧૫ ના રોજ સવારે ફરી એકવાર મગજમાં રક્તસ્રાવ થયો હતો. ત્યારબાદ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીઝીશ્યન ડૉ. હરેશ માંગુકીયાએ તેમને તપાસી બ્રેનડેડ જાહેર કર્યા.

આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલે ડોનેટ લાઈફ ના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી કાળુભાઈ ના બ્રેનડેડ અંગેની માહિતી આપી.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in


Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation

::૨::

કાળુભાઈના ભત્રીજા ડૉ. ઘનશ્યામ કે. પટેલ તેમના દિકરા સંજય અને પ્રદીપને અંગદાન અંગેની માહિતી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

કાળુભાઈના પત્ની કંચનબેન , દિકરા સંજય, પ્રદીપ અને વિરડીયા પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે જ્યારે અમારું સ્વજન બ્રેનડેડ થઈ ચુક્યું છે અને તેમને મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે તેઓના અંગોનું દાન કરીને કિડની અને લીવર ફેલ્યોરના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાન અંગે સંમતિ મળતા ડૉ. રમેશ પટેલ અને નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી અંગદાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેન્કના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની ઇન્દોર મધ્યપ્રદેશના દેવીદાસ ખેરચંદ સજનાની ઉ.વ. ૪૮. માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર અમદાવાદના ઝુબેદાબેન અઝીઝુલરહેમાન શેખ ઉ.વ. ૪૫ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લીવરનું  ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. જમાલ રીઝવી , ડૉ. પ્રાંજલ મોદી અને  તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં કાળુભાઈના ધર્મપત્ની કંચનબેન, દિકરા સંજય અને પ્રદીપ, ભત્રીજા ડૉ. ઘનશ્યામ કે. પટેલ, સમગ્ર વિરડીયા પરિવાર, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડૉ. ભરેશ માંગુકીયા, આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલ, હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૩૦ કિડની, ૪૦ લીવર, ૩ પેન્ક્રીઆસ અને ૧૦૪ ચક્ષુઓનો દાન મેળવીને ૨૭૭ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961